# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) ફિલિપાઇન્સના રાષ્ટ્રપ્રમુખ ફર્ડિનાન્ડ આર. માર્કોસ જુનિયર આજે ભારતની પાંચ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચશે

2) કંડલા મેગાવોટ-સ્કેલ પર સ્વદેશી ગ્રીન હાઇડ્રોજન સુવિધા ધરાવતું પ્રથમ ભારતીય બંદર બનતા- પ્રધાનમંત્રીએ તેને ટકાઉપણા માટેનું ઐતિહાસિક પગલું લેખાવ્યું

3) ઉત્તર પ્રદેશમાં મુશળધાર વરસાદને કારણે 17 જિલ્લાઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ.

4) ઓવલ ટેસ્ટ જીતવા ભારત અને ઇંગ્લેડ વચ્ચે આજે ખરાખરીનો મુકાબલો.

5) વિદેશી કલાકારો દ્વારા વિવિધ પ્રસ્તુતી સાથે નવી દિલ્હીમાં આજે પ્રથમ BIMSTEC પરંપરાગત સંગીત મહોત્સવ યોજાશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# REV. PHILIPPINES PRESIDENT VISIT

ફિલિપાઇન્સના રાષ્ટ્રપ્રમુખ ફર્ડિનાન્ડ આર. માર્કોસ જુનિયર આજે ભારતની પાંચ દિવસની સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી પહોંચશે. તેમની સાથે તેમના પત્ની, કેબિનેટ મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને વેપાર પ્રતિનિધિઓનો સમાવેશ કરતું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હશે.

રાષ્ટ્રપ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી શ્રી માર્કોસની આ ભારતની પ્રથમ મુલાકાત હશે. તેમની મુલાકાત દરમિયાન, શ્રી માર્કોસ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર પણ મળશે. રાષ્ટ્રપ્રમુખ માર્કોસની આ મુલાકાત બંને દેશોના ટોચના નેતાઓને પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક પૂરી પાડશે.

# PM MODI KANDLA PORT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના કંડલા બંદર વિસ્તારમાં ભારતના પ્રથમ મેક-ઇન-ઇન્ડિયા ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટના કાર્યરત થવાને ટકાઉપણું તરફનું એક ઐતિહાસિક પગલું ગણાવ્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું, "આ એક પ્રશંસનીય પ્રયાસ છે, જે ટકાઉપણાને પ્રોત્સાહન આપે છે અને આપણા નેટ-ઝીરો વિઝનને શક્તિ આપે છે." આ સાથે, કંડલા મેગાવોટ-સ્કેલ પર સ્વદેશી ગ્રીન હાઇડ્રોજન સુવિધા

ધરાવતું પ્રથમ ભારતીય બંદર બન્યું છે, જે નવીનીકરણીય ઊર્જા અને ટકાઉ માળખાગત સુવિધાઓમાં ગુજરાતની વધતી જતી ભૂમિકાને રેખાંકિત કરે છે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતા દ્વારા એક અહેવાલ

(V/C: અપર્ણા ખૂટ)

# UP-FLOOD

ઉત્તર પ્રદેશમાં સતત વરસાદને કારણે ઘણી નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે, જેના કારણે 17 જિલ્લાઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. આ જિલ્લાઓમાં વહીવટીતંત્ર હાઇ એલર્ટ પર છે અને અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કાર્ય ચાલી રહ્યું છે.

ઉત્તર પ્રદેશમાં પૂરના કારણે 37 તાલુકાઓ અને 402 ગામડાઓ પ્રભાવિત થયા છે, જેના કારણે 84 હજારથી વધુ લોકો પ્રભાવિત થયા છે. રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, જેમાં NDRF, SDRF અને PAC કર્મચારીઓ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. કુલ 905 પૂર આશ્રયસ્થાનો હાલમાં કાર્યરત છે. 757 આરોગ્ય ટીમો તબીબી તપાસ કરી રહી છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઉત્તર પ્રદેશમાં પૂરની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને અસરકારક રાહત પ્રયાસો સુનિશ્ચિત કરવા માટે સૂચનાઓ આપી રહ્યા છે. તેમના નિર્દેશો પર, રાજ્યના મંત્રીઓ અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કરી રહ્યા છે.

# TEJSVI PRSHAD

ચૂંટણી પંચે આરજેડી નેતા અને બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી પ્રસાદ યાદવ પાસેથી પ્રેસ કોન્ફરન્સમાં બતાવેલ મતદાર ઓળખ કાર્ડ અંગે માહિતી માંગી છે. તેમની પાસે બે મતદાર ફોટો ઓળખ કાર્ડ હોવાનો આરોપ છે. બિહારના દિઘા વિધાનસભા મતવિસ્તારના ચૂંટણી નોંધણી અધિકારીએ જણાવ્યું હતું કે શનિવારે પત્રકાર પરિષદમાં શ્રી યાદવે બતાવેલ મતદાર ઓળખ કાર્ડ ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવ્યું ન હતું.

દરમિયાન ભાજપે આરોપ લગાવ્યો કે, તેજસ્વી યાદવે બે મતદાર ઓળખ કાર્ડ રાખીને ગુનો કર્યો છે. નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ પૂછ્યું કે શું શ્રી યાદવે ચૂંટણી પંચ સમક્ષ ખોટા તથ્યો રજૂ કર્યા છે.

(BYTE: સંબિત પાત્રા)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# SMARTPHONE EXPORT

ભારતની સ્માર્ટફોન નિકાસ નાણાકીય વર્ષ 2025-26ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચી છે. ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં તે 58 ટકા વધીને 7.72 બિલિયન ડોલર થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ વૃદ્ધિમાં એપલે સૌથી વધુ ફાળો આપ્યો છે, જેણે કોન્ટ્રાક્ટ ઉત્પાદકો દ્વારા છ બિલિયન ડોલરના આઇફોન નિકાસ કર્યા છે. જે ગયા વર્ષ કરતા 82 ટકા વધુ છે.

ભારતે નાણાકીય વર્ષ 2021માં 3.1 બિલિયન ડોલરના સ્માર્ટફોન નિકાસ કર્યા હતા. 2025 સુધીમાં, આ આંકડો વધીને 24.1 બિલિયન ડોલર થયો છે, જેમાં એપલનો ફાળો 17.5 બિલિયન ડોલર છે. અન્ય મુખ્ય નિકાસકારોમાં પેજેટ ઇલેક્ટ્રોનિક્સનો સમાવેશ થાય છે, જેણે 175 મિલિયન ડોલરના સ્માર્ટફોનની નિકાસ કરી છે. જ્યારે સેમસંગનો કુલ હિસ્સો 12 ટકા હતો. આ ઝડપી વૃદ્ધિ 2020માં રજૂ કરાયેલ ઉત્પાદન-લિંક્ડ ઇન્સેન્ટિવ-PLI પ્રોત્સાહન યોજનાને આભારી છે, જેણે સ્થાનિક ઉત્પાદનને વેગ આપ્યો છે.

# RBI

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિ સમિતિ આજથી રેપો રેટમાં ઘટાડા અંગે ત્રણ દિવસની બેઠક શરૂ કરશે.

RBI ગવર્નર સંજય મલ્હોત્રાના નેતૃત્વ હેઠળની સમિતિનો નિર્ણય બુધવારે જાહેર કરવામાં આવશે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, RBI દિવાળી

પહેલા લોન વૃદ્ધિને વેગ આપવા માટે તેની નાણાકીય નીતિ સમીક્ષામાં રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો જાહેર કરી શકે છે.

SBIના અહેવાલમાં જણાવાયું કે, ભૂતકાળના ડેટા દર્શાવે છે કે દિવાળી પહેલા રેપો રેટમાં ઘટાડો તહેવારોના સમયગાળા દરમિયાન લોન વૃદ્ધિમાં વધારા તરફ દોરી જાય છે દિવાળી પહેલા નીચા વ્યાજ દરનું વાતાવરણ લોન વૃદ્ધિને વેગ આપવા માટે મદદ કરે છે. જો કે, કેટલાક અર્થશાસ્ત્રીઓ માને છે કે સેન્ટ્રલ બેંક સતત ત્રણ વાર 100 બેસિસ પોઈન્ટ ઘટાડા પછી રેપો રેટને 5.5 ટકા પર યથાવત રાખે તેવી શક્યતા છે.

# 5TH DAY IND-ENG TEST

ક્રિકેટમાં, ઓવલ ખાતે રમાઈ રહેલી એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચ રોમાંચક તબક્કામાં પહોંચી ગઈ છે. મેચના પાંચમા દિવસે, આજે ઇંગ્લેન્ડ આજે છ વિકેટે 339 રને પોતાનો બીજો દાવ આગળ ધપાવશે. ઇંગ્લેન્ડને જીતવા માટે ફક્ત 35 રનની જરૂર છે, જ્યારે ભારતે જીતવા માટે બાકીની ચાર વિકેટ લેવાની રહેશે.

બીજા દાવમાં 374 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ઇંગ્લેન્ડના હેરી બ્રુકે 111 અને જો રૂટે 105 રન બનાવી ટીમને મજબૂત સ્થિતિમાં લાવી હતી. જોકે, ગઈકાલે દિવસના અંતે ભારતીય ટીમે માત્ર 36 રનમાં ત્રણ વિકેટ ઝડપીને મેચને જીવંત કરી હતી. ભારતીય બોલરોમાં, મોહમ્મદ સિરાજે બે, જ્યારે પ્રસિદ કૃષ્ણાએ ત્રણ વિકેટ ઝડપી હતી. યશસ્વી જયસ્વાલના 118 રન અને આકાશદીપ, રવિન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરની મહત્વપૂર્ણ અડધી સદીની

મદદથી ભારતે બીજા દાવમાં 396 રનનો સ્કોર બનાવ્યો. જોશ ટોંગે પાંચ વિકેટ ઝડપી હતી જ્યારે ગુસ એટકિન્સને ત્રણ વિકેટ લીધી હતી.

અગાઉ પ્રથમ દાવમાં ભારતના 224 રનના જવાબમાં, ઇંગ્લેન્ડ 247 રનમાં ઓલઆઉટ થયું હતું. ભારત હાલમાં પાંચ મેચની આ શ્રેણીમાં 1-2થી પાછળ છે.

# BIMSTEC-MUSIC-FESTIVAL

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે આજે સાંજે પ્રથમ BIMSTEC પરંપરાગત સંગીત મહોત્સવ યોજાશે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે.

આ કાર્યક્રમમાં ભારત, બાંગ્લાદેશ, ભૂતાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઇલેન્ડના કલાકારો પરફોર્મ કરશે. ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR) દ્વારા આયોજિત, 'સપ્તસુર: સેવન નેશન્સ, વન મેલોડી' નામનો આ ઉત્સવ સાત BIMSTEC દેશોની વિશિષ્ટ સંગીત પરંપરાઓની ઉજવણીનો સાક્ષી બનશે

# AMARNATH YATRA

બાલતાલ અને પહેલગામ બંને રૂટ પરથી અમરનાથ યાત્રા સ્થગિત કરવામાં આવી છે. કાશ્મીર ડિવિઝનલ કમિશનર વિજય કુમાર બિધુરીએ જણાવ્યું કે, તાજેતરના ભારે વરસાદને કારણે બાલતાલ અને પહેલગામ રૂટ પર સમારકામ અને જાળવણીનું કામ જરૂરી બન્યું છે. તેમણે કહ્યું, આ રૂટ પર

કામદારો અને મશીનોની સતત તૈનાતીને કારણે યાત્રા સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ વર્ષે ત્રણ જુલાઈએ યાત્રા શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ચાર લાખ 14 હજારથી વધુ યાત્રાળુઓએ પવિત્ર ગુફાના દર્શન કર્યા છે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

1) આજના અખબારોમા વિવિધ સમાચાર મુખ્ય શીર્ષકમાં જોવા મળી રહ્યા છે

2) સંદેશ નું મુખ્ય શીર્ષક છે ભારતનું ઓઇલ આયાત બિલ 11 અબજ ડોલર વધશે

3) ફુલછાબે ટેરીફ ની જાહેરાત બાદ અમેરિકાથી ક્રૂડની આયાત બમણી -આ સમાચારને મુખ્ય શીર્ષક બનાવ્યું છે

4) નવગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે- ઘુસણખોરી ડામવા બ્રિટને શસ્ત્ર ઉગામયું- નવો આકરો કાયદો આવશે ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે ઝકરબર્ગની 24 વર્ષના યુવકને 25 કરોડ ડોલરની જોબ ઓફર

5) રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ સાથેની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાતના સમાચાર વિવિધ અખબારમાં પહેલા પાને જોવા મળી રહ્યા છે

6) સ્થાનિક સમાચારોમાં દિવ્ય ભાસ્કર છેલ્લા પાને લખે છે 25000 સીસીટીવી ગંભીર ગુના ઉકેલવાના 95 ટકા દર જેવા કારણે અમદાવાદ દેશનું સૌથી સલામત શહેર